ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

ગૂંચવાય જો
સંબંધ કદી
મારા થકી
તો તમે પણ
ઉકેલવામાં સાથ આપજો
કેમ કે સંબંધનો
એક છેડો
તમારા હાથમાં છે

## જન્મદિને વધામણી



જય પંચોલી
ધી ટ્રાવેલ નેટવર્ક
મો. ૮૯૦૫૩ ૬૨૯૩૧



દર્પી ઘનશ્યામભાઈ પટેલ
મો. ૯૯૨૫૦ ૪૯૦૧૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આદર્શ નિવાસી શાળામાં બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા માટે સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૮

આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર), સેક્ટર-૮, ગાંધીનગર ખાતે ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા માટે એક સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક નયનાબેન શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય જી કે સોલંકીએ શાબ્દિક સ્વાગત, પરિચય અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને ત્યારબાદ તિલક કરી તેમને હૉલ ટિકિટ પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસ-કાળના અનુભવો પણ સૌ સમક્ષ વાગોળ્યા હતા. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ શાળાને ભેટ આપી હતી. શિક્ષક એ આર ઠાકોર, એ બી પારેખ તથા હસુમતિ શાહે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. આચાર્યએ જી કે સોલંકીએ ૧૦૦ ટકા પરિણામ આવે એવી શુભેચ્છા પાઠવી હતી અને નાયબ નિયામકે આવી અપેક્ષા પણ વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આપણા જીવનમાં પ્લસ અને માઈનસ બને હોય છે. માઈનસને સાઈડમાં રાખી પ્લસને ઉજાગર કરવાના છે, જ્ઞાન પર કોઈને ઈજારો નથી. તેથી સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપવાની છે.

કાર્યક્રમનું સંચાલન ટી સી બ્રહ્મભટ્ટે કર્યું હતું અને આભારવિધિ ડી એ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# ઈન્ફોસિટી સ્કૂલમાં વિદાય સમારોહ









ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણ ખાતે સોમવારે ધોરણ-૧૦ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) અને ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવસે પ્રમુખ વી વી વૈષ્ણવે વિદ્યાર્થીઓને સાહસ દ્વારા સફળતા મળે તેમજ જીવનમાં સમાજને ઉપયોગી થવા જણાવ્યું હતું તેમજ જીવનમાં આવતા સામાજિક પડકારોનો સામનો કેવી રીતે કરવો તથા હંમેશા જીવનમાં સજ્જન માણસ બનવા માટે કરણી અને કથનીમાં ફેર ન રાખી પૈસા કરતાં કર્મને વધુ મહત્ત્વ આપવાની ગુરુચાવી આપી હતી. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સર હાલમાં અમેરિકા છે, પરંતુ તેમણે વિદ્યાર્થીઓને સફળતાના આશીર્વાદ પાઠવ્યા હતા. સંસ્થાનાં ટ્રસ્ટી ભાવનાબેને ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. ફક્ત ભણતરને મહત્ત્વ આપવાને બદલે નિયમિત ડિસીપ્લીન માટે પણ સર્ટીફિકેટ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ડીજેના સંગાથે વિદ્યાર્થીઓએ પરંપરાગત ગરબા તેમજ આધુનિક બોલીવૂડનાં ગીતો પર ખૂબ જ આનંદ ઉત્સાહપૂર્વક વિદાયને પણ માણી હતી. આ પ્રોગ્રામના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણના પ્રમુખ વૈષ્ણવસર, સંસ્થાના હાયર સૅકન્ડરીના પ્રિન્સિપાલ અમિતામેડમ તથા સંયોજક રાહુલસહ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણનાં પ્રિન્સિપાલ પ્રવીણામેડમ અને સુપરવાઈઝર દિપ્તીમેડમના નેતૃત્વ હેઠળ તમામ શૈક્ષણિક સ્ટાફના મિત્રો જોડાયા હતા.

### સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે

# ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ ઍસોસિએશન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો



ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસોસિશએન દ્વારા આજે સેંટ ઝેવિયર્સ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય વિમેન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરની સિનિયર અને જુનિયર ગર્લ્સ ખેલાડીઓ જોડાઈ હતી. એશિયન ફૂટબોલ કોન્ફિડરેશન દ્વારા ઈન્ટરનેશનલ વિમેન્સ ડેના સેલિબ્રેશનમાં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન તેમજ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના માર્ગદર્શનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સિનિયર ફૂટબોલ કોચ જનીત ભાવસાર, કિરણ મેકવાન, દીપા બારોટ, રામકૃષ્ણ પંડિત વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં

# આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી







ગાંધીનગર, તા. ૮

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી ઈકો-કલબ દ્વારા કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં તા. ૭, માર્ચનાં રોજ વિદ્યાર્થીઓની માતા માટે સલાડ ડેકોરેશન હરીફાઈ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી પરમજીત કૌર છાબડા તથા શ્રીમતી. ઉષ્મા જોને સેવા બજાવી હતી. આ સ્પર્ધામાં ત્રણ નંબર તથા બે પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. જે અનુક્રમે શ્રીમતી.વાચા ત્રિવેદી, શ્રીમતી ઉષા પારસિયા, શ્રીમતી સુપ્રિયા જાની, શ્રીમતી કિરણ મોડુસિયા, શ્રીમતી મમતા પંચોલીને ઈનામ મળ્યા.

ઉપરાંત તા. ૮ માર્ચના રોજ ગીર ફાઉન્ડેશનનાં ડાયરેકટર શ્રી હેમંતભાઈ સુથારે મહિલા સશક્તિકરણ અંતર્ગત વકતવ્ય આપ્યું. તથા શ્રીમતી પરમજીત કૌર છાબડાએ મહિલાઓને સ્વાસ્થ્ય અંતર્ગત આહારની માહિતી આપી. શાળાના આચાર્યા સિસ્ટર રેણૂકાએ પ્રસંગોચિત ઉદ્દ્બોધનમાં મહિલાઓને જાગૃત અને સક્ષમ બનવા પર ભાર મૂક્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યા સિસ્ટર રેણૂકાનાં માર્ગદર્શન હેઠળ ઈકોકલબ ઈનચાર્જ શિક્ષિકા હેમાંગીની દીપંકરનાં નેતૃત્વ તથા ઈકોકલબનાં વિદ્યાર્થીઓની અથાગ મહેનતથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ




ગાંધીનગર, તા. ૮

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તથા લાયોનેસ ક્લબ અને ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના સહયોગથી કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સિનિયર સિવલ જજ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સેક્રેટરી ઍમ બી હાંસેરા, સુધીરભાઈ દેસાઈ, વિમલાબેન અયાચી, લાયોનેસ પ્રેસીડેન્ટ મીનાક્ષી જયસિંઘાની, સૅક્રેટરી નીતા રાણા, નીનાસિંગ ભાટી, ચારૂબેન ટાંક, નિલમ સૂરી, ચંદા યાદવે હાજરી આપી હતી.

વિમલાબેન અયાચીએ દીકરીઓને સશક્તિકરણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને કાનૂન વિશે સમજાવ્યું હતું.

સુધીરભાઈ દેસાઈએ પોતાની મૌલિક શૈલીમાં સામાજિક બાબતોને જોડી પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જજ ઍમ બી હાંસેરાએ દીકરીઓને ભાવસભર આશીર્વાદ પાઠવ્યા હતા. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને આવા કાર્યક્રમોને વધુ વેગ આપવા માટે કટિબદ્ધ થશે તેમ જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન ડૉ. વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું. કૌમુદિની કોહલે, જ્યોતિ સુથાર અને સ્વાતિ શુકલએ પણ આ કાર્યક્રમમાં પોતાની સહભાગિતા નોંધાવી હતી.

# ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ટૅક ઈન્ડિયા કૅમ્પેઈનની પ્રવૃત્તિ



ગાંધીનગર, તા. ૮

એસ. કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અને કમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓ દ્વારા સામાજિક વ્યવહારમાં ઝુંપડપટ્ટીનાં બાળકો સાથે "TEACH INDIA CAMPAIAN" અંતર્ગત ધો-૧ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રાર્થના બાદ વર્ગ પ્રમાણે ટુકડી પાડી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. ધો-૭ અને ૮માં પ્રયોગ કરાવ્યા, રમતો રમાડી અને દરેક બાળકને પ્રોત્સાહન ઈનામ અને નાસ્તાનું વિતરણ કર્યું હતું. પ્રો.ચાવલાસાહેબ અને પ્રો. સ્વેતા મેડમનો શાળા પરિવાર વતી આચાર્ય દિપ્તીબેન વસાવડાએ આભાર વ્યકત કર્યો હતો.

વિશ્વ મહિલા દિન નિમિત્તે મેડીકલ ટીમના ડૉ. બ્રિજેશભાઈ પટેલ અને જુનેદભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ ધો-૬-થી ૮નાં બાળકોની "બેટી બચાઓ બેટી પઢાઓ" ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ સામગ્રી ડ્રોઈંગ શીટ, સ્કેચપેન, પેન્સિલ તેમના તરફથી આપવામાં આવ્યાં હતાં. પ્રથમ ત્રણ ચિત્રને પસંદ કરાયાં હતાં. ધો-૮ના હિમાંશુ પુરબીયા, અનોજ પરમાર અને ધો-૬નાં હેતલ પુરબીયાને ઈનામ આપવામાં આવ્યા. દરેક ભાગ લેનારને પ્રોત્સાહક ઈનામ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને મહાત્મા મંદિર, દાંડી કુટીરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. દાંડી કુટીરમાં લેઝર શો, હોલોગ્રાફી, ૪ ડી ટેકનોલોજી શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીજીના જીવનના પ્રસંગો જોઈ બધા ખૂબ ખુશ થઈ ગયા હતા.

# બેંકોમાં ઉત્તરદાયિત્વ કે જવાબદારીનો ડર કેમ નથી ?




કોઈપણ દેશમાં કાર્યરત બેંકો દેશની આર્થિક કરોડરજ્જુ હોય છે. બેંકોનું સ્થાન સર્વત્ર અતિ ઉપયોગી અને પાયાનું હોવા છતાં હવેના સમયમાં આ ક્ષેત્ર વધુ ને વધુ અજંપાવાળું કે તનાવગ્રસ્ત બન્યું છે. મૂળભૂત રીતે લોકોના નાણાં ડિપોઝીટ તરીકે એકત્ર કરવા અને જરૂરિયાતમંદ લોકો કે એકમોને ધિરાણ કરવું આ બે બેંકનાં મહત્ત્વનાં કાર્યો છે. સમય જતાં નવી નવી પ્રોડક્ટ્સ અને પધ્ધતિઓ આવી અને તે મુજબ અન્ય કાર્યો પણ ઉમેરાતાં ગયાં. ભારતમાં નિજી હાથોમાં બેંકોનું સંચાલન તથા માલિકી હતાં તેમાં રાષ્ટ્રીયકરણ ૧૯૬૯માં કરવામાં આવ્યું અને ત્યારબાદ મધ્યમ અને ગરીબ પછાત વર્ગના લોકોને બેંકિંગ સાથે જોડવામાં આવ્યા કેમ કે તત્કાલિન વડાપ્રધાનનો મંત્ર હતો 'ગરીબી હટાઓ !' ગરીબી હટાવવા માટે આર્થિક મદદની ખૂબ જરૂર પડે તેમાં વીસ સૂત્રિય કાર્યક્રમ પણ સંલગ્ન કરાયેલો અર્થાત સમાજના બધા જ વર્ગના લોકોમાં આ પ્રકારના બેંકિંગથી નવી તાજગી નવો માહોલ ઊભો કરવાની જબરદસ્ત કોશિષ થઈ. શરૂઆતના ગાળામાં સંકલિત ગ્રામ વિકાસ યોજનાના ફળ ઉમદા પ્રાપ્ત થયાં અને દેશને લાગ્યું કે હવે ગરીબી હટી જ જશે. આર્થિક મદદ એ સહાય લોન તરીકે મળે તે નિયત સમયમાં પરત કરવાની હોય છે. પરંતુ ધીમે ધીમે લોકો માત્ર મદદના અર્થ મુજબ વર્તવા લાગ્યા, બીજું સબસીડીના કારણે લોન પ્રયોજન અમલી થવા લાગ્યા. ત્રીજું, લોન લીધા બાદની આર્થિક શિસ્ત મળતી બંધ થઈ અને વર્ષોના ઉમદા બેંકિંગ ક્ષેત્રની અતિ વિકૃત થઈ ને હવે સંભાળવી મુશ્કેલ થાય તેવી થઈ છે. પ્રશ્ન એ છે કે બેંકો જે ધિરાણ કરે છે તે પ્રજાની બચતના નાણા ઉપરથી ફંડ મેનેજમેન્ટ ગોઠવીને કરે છે તેથી વસૂલાત નબળી થાય તો બધું જ અટકી શકે છે !

દરેક બેંકની આર્થિક કામગીરીને તપાસવા ઘણા બધા આંતરિક અને બાહ્ય ઓડિટ થાય છે ઉપરાંત રિઝર્વ બેંકનું પણ ઓડિટ આવતું હોય છે. લોન એ બેંકની મિલકત છે, તેનું સાચું વર્ગીકરણ તપાસવામાં આવે છે, નબળા ધિરાણ માટેની કરવી પડતી જોગવાઈઓ યોગ્ય છે કે નહીં એ પણ ઓડિટમાં જોવાય છે. આ બધું અમલમાં હોવા છતાં બેંકોના કૌભાંડો પ્રતિદિન બહાર આવી રહ્યાં છે. માટે પ્રશ્ન થાય છે કે ઉત્તરદાયિત્વ અને જવાબદારીનો ડર બેંકોમાં કેમ રહ્યો નથી ? રિઝર્વ બેંકે કેટલાંક ગંભીર એરિયાઝને ઝીરો પરસન્ટ ટોલરન્સમાં ગણેલા છે તેનું પાલન સો ટકા થાય તે ઓડિટમાં જોવાનું હોય છે. લોન આપતાં પહેલાંની જાત તપાસ અને એસેટ ખરીદાય પછી સ્થળ પરની ચકાસણી ફરજિયાત હોય છે. કૌભાંડ થવામાં જો કોઈ નક્કી કરેલી સિસ્ટમ સાથે ગમે તે કારણે ચેડાં કરે તો એ થઈ શકે પરંતુ ઓડિટ શા માટે થાય છે ? હવે બેંકિંગ કમ્પ્યુટર સિસ્ટમમાં ચાલે છે માટે સિસ્ટ ઑડિટ પણ થાય છે અને કોઈપણ રીતે કાર્ય બેફામ રીતે થયેલું હોય તો અવશ્ય પકડાય છે. વિદેશ વ્યાપાર માટે જુદી શાખાઓ તેનું સોફ્ટવેર પણ રાખવામાં આવે છે અને તેમાં ગંભીર ગેરરીતિઓ જાણી જોઈને આચરવામાં આવી હોય તો જે તે કામ કરનારની જવાબદારી નક્કી થતી હોય છે. બીજો મુદ્દો એ પણ છે કે બધું જ કરવામાં કોઈ ડર નથી તો આ કરાવનારા કોણ કોણ છે ? બેંકોની વિશ્વસનીયતા ઉપર આ મોટો આઘાત કે પ્રહાર કહી શકાય. કાયદાનો ડર બધાં જ ક્ષેત્રોમાં ઘટતો જ જાય તે ચિંતાનો વિષય જરૂર છે. કોશન લિસ્ટ, સિબિલ રિપોર્ટ, સરસાઈ રિપોર્ટ, પ્રોજેક્ટેડ બેલેન્સ શીટ, પ્રવર્તમાન વ્યાપાર, બંધારણીય પેપર્સ આ બધું ચકાસીને પછી જ ધિરાણ મંજૂરી થતી હોય છે. લોન ખાતાઓ કંઈ રાતોરાત ખરાબ થઈ જતા નથી આંતરિક નિયમન - અંકુશ અને સમીક્ષાની પ્રથામાં પણ છિદ્રો છે અથવા સાચી હકીકતો ઉપર પરદો રાખવાનું કામ થાય છે, કારણ ગમે તે હોય પણ સરકાર આટલા મોટા બેંકિંગને નાણાકીય સદ્ધરતા આપવા સક્ષમ હોય નહીં અને આર્થિક અનુશાસન વિના હવે બેંકો ટકી શકે તેમ પણ નથી. જવાબદેહી જરૂર નક્કી થવી જ જોઈએ કેમ કે આ પણ આર્થિક અપરાધ કહી શકાય. બેંકો પાસેથી જે વધારાનાં કામો લેવામાં આવી રહ્યા છે તેને રિવ્યૂ કરો અને નકામાં કાર્યો ઉપર નિયંત્ર લાવવું પણ ખૂબ જરૂરી થઈ ગયું છે. કરોડોના કૌભાંડો સાંભળીને પ્રજા પણ નિરાશ થાય છે, તો વિદેશોમાં આપણી છબિ ખરડાય છે.

**શેર આસ્વાદ**

ઉસ ખુદા કી તલાશ હૈ
કુછ યું હી,
જો ખુદા હો કે
આદમી સા લગે !



In the dock

| Bank | Remittances | Amount |
|---|---|---|
| ING Vysya Bank | 735 | $264.3 mn |
| Kotak Mahindra Bank | 734 | $187.9 mn |
| IndusInd Bank | 275 | $88.2 mn |
| ICICI Bank | 91 | $36.4 mn |
| Bank of India | 48 | $33.0 mn |
| YES Bank | 14 | $7.4 mn |